ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/ ૧૯
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૧૦/૦૨/૨૦૧૬

// <u>પરિપત્ર</u> //

વિષયઃ- નિગમની વસાહતમાં આવતા મહિલા ઔદ્યોગિક પાર્કની ફાળવણી નીતિ બાબત.
સંદર્ભઃ- પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/એઅલટી/પીઓએલ/૫(III)/૩૪ તા.૨૪.૧૦.૨૦૧૧

નિગમના નિયામક મંડળની તા.૧/૧/૨૦૧૬ ના રોજ યોજાયેલ ૪૮૬ મી સભામાં નિગમની વસાહતમાં આવતા મહિલા ઔદ્યોગિક પાર્કની ફાળવણી નીતિ બાબતે કાર્યસૂચિ ક્રમાંકઃ ૧૩/પ્રિ.વિતરણ/૪૮૬ રજુ કરવામાં આવેલ. જેના અનુસંધાનમાં નિગમની વસાહતમાં આવતા મહિલા ઔદ્યોગિક પાર્ક ખાતે મહિલા ઉદ્યોગ પ્રોત્સાહન આપવા માટે વિતરણની સામાન્ય શરતો પૈકી વિતરણ કિંમત વસુલ મેળવવા બાબતની નીતિમાં નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

- **મહિલા ઉદ્યોગકારો પાસેથી જમીનની ફાળવણીની કુલ કિંમતના ૩0% રકમ ડાઉન પેમેન્ટ તરીકે મેળવવાની રહેશે.**
- **ફાળવણી કરતાં સમયે બાકીની ૭0% રકમ પ્રવર્તમાન ધોરણોએ વ્યાજ સાથે કુલ ૩૨ ત્રિમાસિક સરખા હપ્તા માટે આગોતરા ચેક (પીડીસી) મેળવવાના રહેશે.**

આ નીતિ ફકત મહિલા ઔદ્યોગિક પાર્કમાં મહિલા ઉદ્યોગ સાહસિકોના કિસ્સામાં ફાળવવામાં આવતા ઔદ્યોગિક પ્લોટને જ લાગુ પાડવાની રહેશે.

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

સહી/-
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ-</u>

(૧) ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧,૨, ઉદ્યોગભવન, ગાંધીનગર તરફ .
(૨) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી,ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ
(૩) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૪) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)